# ગુજરાત પોલીસને રાષ્ટ્રપતિ 'નિશાન' ઉપરાષ્ટ્રપતિના હસ્તે પ્રદાન

## ગુજરાત પોલીસની યશકલગીમાં વધુ એક પીંછું ઉમેરાયું : ૫૮ વર્ષે ગુજરાત પોલીસને સન્માન મળ્યું, સન્માન મેળવનારુ દેશનું સાતમું રાજ્ય બન્યું, ડિહાઇડ્રેશનના કારણે બે મહિલા કોન્સ્ટેબલ બેભાન

ગાંધીનગર,તા.૧૫

ગુજરાતની બે દિવસના પ્રવાસે આવેલા ઉપ-રાષ્ટ્રપતિ વેંકયા નાયડુ ગુજરાત પોલીસને રાષ્ટ્રપતિ નિશાન એનાયત કર્યું હતું. આ પ્રસંગે રાજ્યના મુખ્યમંત્રી વિજય રૂપાણી, ગૃહમંત્રી પ્રદિપસિંહ જાડેજા,



પોલીસ કમિશ્નર શિવાનંદ ઝા સહિત મોટી સંખ્યામાં પોલીસ અધિકારીઓ તથા આઈપીએસ અધિકારીઓ હાજર રહ્યાં હતા.

રાષ્ટ્રની સેવામાં કોઈપણ ફોર્સ દ્વારા બહાદુરીભર્યા કૃત્યો અને રાષ્ટ્રની સેવામાં આપેલા યોગદાનની સાક્ષી પુરી પાડતા રાષ્ટ્રપતિ નિશાનથી ગુજરાત પોલીસને સન્માનિત કરવામાં આવી છે. જે ગુજરાત પોલીસને એક આગવી ઓળખ આપશે.

ઉપરાષ્ટ્રપતિ દ્વારા ગુજરાત પોલીસ એકેડેમી કરાઈ ખાતે સેરેમોનિયલ પરેડમાં ગુજરાત પોલીસને રાષ્ટ્રપતિનું નિશાન એનાયત કર્યું છે. તે સિવાય વિશેષ ડિઝાઈન કરાયેલો પોલીસ ધ્વજ પણ એનાયત કરાવામાં આવ્યું છે. રાષ્ટ્રપતિ નિશાનથી સન્માનિત થતું ગુજરાત દેશનું સાતમું રાજ્ય બન્યું છે.

રાષ્ટ્રપતિ નિશાન (પ્રેસિડેન્ટ્સ કલર્સ)એ પોલીસ દળની શ્રેષ્ઠતા અને ગૌરવનું દેખીતું પ્રતિક છે. 'નિશાન'એ રાષ્ટ્રની સેવામાં કોઈ પણ ફોર્સ દ્વારા બહાદુરીથી કરેલી કાર્ય અને રાષ્ટ્રની સેવામાં આપેલા યોગદાનની સાક્ષી આપે છે.

રાષ્ટ્રપતિનું નિશાન એ પોલીસ દળની શ્રેષ્ઠતા અને ગૌરવનું દેખીતુ પ્રતિક છે. જે રાષ્ટ્રની સેવામાં યોગદાનની સાક્ષી પુરી પાડે છે. ૧૫ ડિસેમ્બર ૨૦૧૯નાં રોજ ગુજરાત પોલીસ દળ રાષ્ટ્રપતિ નિશાનથી સન્માનિત થતું સાતમું રાજ્ય બનશે. આ સુચિમાં હાલ મધ્યપ્રદેશ, ઉત્તરપ્રદેશ, દિલ્હી, તમિલનાડુ, ત્રિપુરા અને આસામ રાજ્યનો સમાવેશ થાય છે.

ગુજરાત સરકારના ગૃહવિભાગ દ્વારા ૨૧ ફેબ્રુઆરી ૨૦૧૯નાં રોજ રાષ્ટ્રપતિના નિશાન માટેની દરખાસ્ત ભારત સરકારના ગૃહ વિભાગને મોકલવામાં આવી હતી. ભારત સરકારના ગૃહ મંત્રાલય ખાતેની સમિતીમાં સી.આર.પી.એફ, સી.બી.આઈ, રો એન્ડ એનાલિસીસ વિંગ, ઈન્ટેલિજન્સ બ્યુરો, ઓડિશા પોલીસ અને હિમાચલ પ્રદેશ પોલીસના વડાઓનો સમાવેશ થાય છે. તેમના દ્વારા આ પ્રસ્તાવનું મુલ્યાંકન કરીને વડાપ્રધાનની ઓફિસ તરફ રવાના કરાય છે. ૭ માર્ચ ૨૦૧૯નાં રોજ રાષ્ટ્રપતિના નિશાનના એવોર્ડ અંગે ગુજરાત પોલીસને જાણ કરવામાં આવી હતી. રાષ્ટ્રપતિ દ્વારા મળતા આ ચોક્કસ માનને પ્રેસિડેન્ટ કલર્સ તરીકે ઓળખવામાં આવે છે.

ગુજરાત પોલીસને રાષ્ટ્રપતિની મહોર સાથેનો ખાસ ધ્વસ એનાયત કરાશે. ગુજરાત પોલીસના ભવનો પર રાષ્ટ્રધ્વજની સાથે આ ખાસ ધ્વજ પણ ફરકતો નજરે ચડશે. ગુજરાત પોલીસને એનાયત થયેલ આ વિશેષ પ્રતિક ગુજરાત પોલીસના તમામ અધિકારીઓ અને જવાનોના યુનિફોર્મની ડાબા હાથની સ્લીવમાં લાગશે. તે સિવાય રાષ્ટ્રગીતની જેમ ગુજરાત પોલીસને એક એન્થમની મંજુરી મળી છે. ગુજરાત પોલીસ માટે આ એન્થમ શંકર મહાદેવન દ્વારા તૈયાર કરવામાં આવ્યું છે.જે પોલીસ માર્ચ દરમિયાન પોલીસોને જોશ પુરૂ પાડશે.



૧ મે ૧૯૬૦ નાં રોજ ગુજરાત રાજ્યની રચના થઈ હતી. તેની સાથે જ તે વખતના બોમ્બે રાજ્યના જિલ્લા પોલીસ અને સૌરાષ્ટ્ર તથા કચ્છ રાજ્યના પોલીસ એકમોને વિલીનીકરણ કરીને ગુજરાત પોલીસની રચના કરવામાં આવી હતી. હાલમાં શહેર અને જીલ્લા પોલીસ મળીને ૧,૦૬,૮૩૧ પોલીસ જવાનો અને અધિકારીઓ ધરાવતું ગુજરાત પોલીસ દળ આધુનિક પોલીસ દળ તરીકે ઉભરી આવ્યું છે.

કરાઈ ખાતે સેરેમોનિયલ પરેડમાં બે મહિલા કોન્સ્ટેબલ બેભાન થઈ હતી. બંને મહિલાને સ્ટ્રેચર પર હોસ્પિટલમાં સારવાર માટે લઈ જવામાં આવી હતી. પ્રાથમિક સારવાર દરમિયાન ડોક્ટરોએ તાપ અને ડીહાઈડ્રેશનના કારણે મહિલા બેભાન થઈ ગઈ હોવાનું જણાવ્યું હતું.

# શહેર વસાહત મહાસંઘની વાર્ષિક સાધારણ સભામાં શહેરની સમસ્યાઓ છવાઈ

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર શહેર વસાહત મહાસંઘની વાર્ષિક સાધારણ સભા તથા નવા વર્ષનો સ્નેહમિલન કાર્યક્રમ શહેરના સેક્ટર-૫ના જાહેર બગીચામાં યોજાઈ ગયો. આ કાર્યક્રમમાં શહેરની વિવિધ સમસ્યાઓ અંગે ચર્ચા વિચારણા કરી તે અંગે આગામી સમયમાં કાર્યવાહી હાથ ધરવાની રણનીતિ ઘડવા સાથે મહાસંઘના કાર્યોની સમીક્ષા કરવામાં આવી હતી. આ સાથે મહાસંઘના પ્રમુખપદે આગામી વધુ બે વર્ષ માટે સર્વાનુમતે કેશરીસિંહ બિહોલાની વરણી કરવામાં આવી હતી.



શહેર વસાહત મહાસંઘની વાર્ષિક સાધારણ સભામાં શહેરમાં વધી રહેલા અકસ્માતો અને ટ્રાફિક નિયમની સમસ્યા, પીવાના શુદ્ધ પાણી, ઉભરાતી ગટરો, સ્વચ્છતાની જાળવણી, નવા સેક્ટરોમાં રંગમંચ, લગ્નવાડી, પોસ્ટ ઓફિસ, સરકારી દવાખાના, સીટીબસ વગેરેની સુવિધા અંગેની સમસ્યા, તુટી ગયેલા રોડ-રસ્તા, રેલવે સ્ટેશને વધુ ટ્રેનોની માંગ તથા પસાર થતી તમામ ટ્રેનો ઉભી રહે તે માટેની રજૂઆત ઉપરાંત આડેધડ હાથ ધરાતા વિકાસ કાર્યો માટેના ખોદકામ બાદ પુરાણ કરાયા વગરના ખાડાઓ અને તુટેલી ફૂટપાથોના સમારકામ જેવા પ્રશ્નોની ચર્ચા કરાઈ હતી. કાર્યક્રમનું સંચાલન હિમાંશુ ભચેચ દ્વારા કરાયુ હતુ તથા કાર્યક્રમમાં મહાસંઘના વિવિધ સેક્ટરના હોદ્દેદારો સહિત મોટી સંખ્યામાં નાગરિકો ઉપસ્થિત રહ્યાં હતા.





## ''શબ્દાયન'' કાર્યક્રમમાં શહેરના કલાકારનું સન્માન

ગાંધીનગરના સેક્ટર-૧૨માં આજે બપોરે ડૉ. આંબેડકર હોલ ખાતે સાહિત્ય, સંગીત અને કલાદિના સર્જકો અને ભાવકોની જાણીતી સંસ્થા ''શબ્દાયન''ના ઉપક્રમે યોજાયેલ કાર્યક્રમમાં ગુજરાતના નામાંકિત ગાયક કલાકારોનું સન્માન કરવા સાથે જેમને એક મંચ પુરૂ પાડવાનો કાર્યક્રમ યોજાયો હતો જેમાં શહેરના જાણીતા ગાયક તથા આઈસીસીઆર માન્ય કલાકાર સુરેશભાઈ રત્નોત્તરનું તથા જાણીતા બાંસુરી વાદક જીતુભાઈ દવેનું શાલ ઓઢાડી ટ્રોફી અર્પણ કરી સન્માન કરવામાં આવ્યુ હતુ. આ કાર્યક્રમમાં મહેમાનપદે ગુજરાત વેરહાઉસ કોર્પોરેશનના ચેરમેન મગનજી માળી ઉપસ્થિત રહ્યાં હતા તથા કાર્યક્રમનું સંચાલન જાણીતા કવિ-પત્રકાર શૈલેષ પંડ્યા ''ભીનાશ'' દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં રાજ્યભરમાંથી આવેલા કલાકારોએ સુગમ અને લોકસંગીતની સુરિલી પ્રસ્તુતિ કરી હતી.

# પૂ.ગુરૂમાની શ્રીમદ્ ભાગવત કથાનો ભક્તિભાવપૂર્ણ શુભારંભ

## ભાગવત ગ્રન્થ એ ભગવાનની સાક્ષાત વાઙ્મય મૂર્તિ છે : પૂ.ગુરૂમા

ગાંધીનગરમાં સમદર્શન આશ્રમ, સેક્ટર-૧ ખાતે પૂ.ગુરૂમા સમાનંદ સરસ્વતીજીની શ્રીમદ્ ભાગવત કથાનો ભક્તિભાવપૂર્ણ





અલૌકિક વાતાવરણમાં શુભારંભ થયો હતો. ગાંધીનગર કલ્ચરલ ફોરમના અધ્યક્ષ કૃષ્ણકાન્તભાઈ જહા અને રાજ્યભરમાંથી પધારેલા સંતો-મહંતોએ મંગલદીપ પ્રગટાવીને શ્રીમદ્ ભાગવત કથાનો શુભાંરભ કરાવ્યો હતો. દક્ષિણ ભારતીય પરિધાનમાં સજ્જ વાદ્યકારોએ મૃદંગ અને અન્ય વાજીંત્રોના વાદનથી પૂ. ગુરૂમાનું ભવ્ય સ્વાગત કર્યું હતું અને પૂ.ગુરૂમાને વૃન્દાવનધામ-મુખ્ય સભામંડપ સુધી દોરી ગયા હતા.

પૂ.ગુરૂમાએ શ્રીમદ્ ભાગવત કથાનો શુભારંભ કરતાં કહ્યું હતું કે, ભાગવત ગ્રન્થ એ ભગવાનની સાક્ષાત વાઙ્મય મૂર્તિ છે. ભાગવત ભક્તિપ્રધાન ગ્રન્થ છે, પરન્તુ તેમાં કર્મયોગ અને અદ્વૈત વેદાન્તનું નિરૂપણ છે. પ્રત્યેક મનુષ્ય માત્રને આનંદની શોધ છે અને એ નિર્ગુણ નિર્ભેળ આનંદ માત્ર ઈશ્વરના સાનિધ્યમાં-ભક્તિમાં છે. તેમણે 'ભાગવત' શબ્દનો અર્થ સમજાવતાં કહ્યું હતું કે, 'ભા' એટલે પ્રકાશ-જ્ઞાન. 'ગ' એટલે જેમાં તેની ગતિ થાય છે તે. 'વ' એટલે જે સર્વે શાસ્ત્રોમાં વરેણ્યમ એટલે કે શ્રેષ્ઠ છે તે, અને 'ત' એટલે જેના આધારે સંસાર સાગરમાંથી તરી જવાય છે તે. આ ભાગવત સર્વે દુ:ખો અને પીડામાંથી મૂક્ત કરનાર છે.

ગાંધીનગર કલ્ચરલ ફોરમના અધ્યક્ષ કૃષ્ણકાન્તભાઈ જહાએ કથાનો શુભારંભ કરાવતાં કહ્યું હતું કે, ગાંધીનગરમાં પૂ. ગુરૂમાના સાનિધ્ય-અમીદૃષ્ટિ અને કૃપાથી ગાંધીનગરને સાસ્કૃતિક નગરીની સાથોસાથ સંસ્કારી નગરી બનાવીએ. તેમણે પૂ.ગુરૂમાને કારણે ગાંધીનગર સદ્ભાગી અને સમૃદ્ધ છે એમ કહીને ઉમેર્યું હતું કે, પૂ.ગુરૂમાના આશીર્વાદથી વ્યક્તિગત જીવનથી લઈને વૈશ્વિક જીવન સુધી ગાંધીનગર વિકાસ પામે એવી પ્રાર્થના કરીએ.

કથાના પ્રારંભે યજમાનોએ શ્રીમદ્ ભાગવતની આરતી ઉતારી હતી. સમદર્શન આશ્રમ પરિસરમાં વિશાળ સામિયાણામાં ભાવિક-ભક્તો ધ્વારા 'વૃન્દાવનધામ'નું નયનરમ્ય સર્જન કરવામાં આવ્યું છે. ભગવાન શ્રીકૃષ્ણની વિવિધ લીલાના મનોહર દશ્યો ખડા કરવામાં આવ્યા છે. વિશાળ મેદની કથાનો સાનુકૂળ લાભ લઈ શકે તે હેતુ સમગ્ર પરિસરમાં વિશાળ એલ.ઈ.ડી. સ્ક્રીન ગોઠવવામાં આવ્યા છે. દરરોજ સવારે ૯ થી ૧૨ અને બપોરે ૩ થી ૬ દરમિયાન ભાવિક-ભક્તજનોને પૂ.ગુરૂમાની શ્રીમદ્ ભાગવત કથાનો લાભ લેવા જાહેર આમંત્રણ પાઠવવામાં આવ્યું છે. આ પ્રસંગે વરિષ્ઠ અધિકારી હસમુખભાઈ અઢિયા, અધિક મુખ્ય સચિવ પૂનમચંદ પરમાર, નિવૃત્ત માહિતી કમિશનર વી.એસ. ગઢવી તથા વિશાળ સંખ્યામાં ભાવિક ભક્તજનો પધાર્યા હતા.

### ૧૦૦૦ ટકા... ● અનુસંધાન પહેલાનું ચાલુ

પાકિસ્તાન જેવું થઈ ગયું છે. પાકિસ્તાન ભારતને બદનામ કરવાના પ્રયાસમાં છે અને કોંગ્રેસનું કામ પણ હવે આજ રહી ગયુ છે. જે કામ લંડનમાં પાકિસ્તાનના લોકો કરતા રહ્યા છે. પાકિસ્તાનના પૈસાથી કેટલાક વેચાઈ જતાં લોકો દ્વારા જે કામ કરવામાં આવતું હતું તે કામ હવે કોંગ્રેસના લોકો કરી રહ્યા છે. આનાથી શરમજનક બાબત કોઈપણ હોઈ શકે નહીં. દુનિયાના દેશોમાં ભારતના દૂતાવાસની સામે ભારતના લોકો પ્રદર્શન કરે તે બાબત શોભતી નથી. જો કોઈ ફરિયાદ છે તો ભારતમાં રજૂ કરી શકે છે.

### આકરા પ્રહાર... ● અનુસંધાન પહેલાનું ચાલુ

શિવસેનાએ જોરદાર હલ્લો મચાવ્યો હતો. રાહુલ ગાંધીના નિવેદન પર પ્રતિક્રિયા આપતા શિવસેનાના પ્રવક્તા સંજય રાવતે કહ્યું હતુ કે, રાહુલ ગાંધીના નિવેદનથી ઈતિહાસ બદલાશે નહીં. રાહુલ ગાંધીને સાવરકરના સંદર્ભમાં વધુ અભ્યાસ કરવાની જરૂર છે. રાહુલ ગાંધી ઈતિહાસના પાના ફાડી શકે છે પરંતુ ઈતિહાસ બદલી શકે નહી. કોંગ્રેસ સાથે આ મુદ્દા પર વધતાં ગતિરોધ વચ્ચે શિવસેનાએ કહ્યું છે કે, સાવરકરના મુદ્દા ઉપર શિવસેના પોતાના જુના વલણ ઉપર મક્કમ છે.

### પ્રદર્શન યથાવત... ● અનુસંધાન પહેલાનું ચાલુ

અમિત શાહ અને મુખ્યમંત્રી મમતા બેનર્જીની અપીલ છતાં તેની કોઈ અસર દેખાઈ રહી નથી. નદિયામાં દેખાવકારોએ કલ્યાણ એક્સપ્રેસ હાઈવે પર ચક્કાજામની સ્થિતિ સર્જી હતી. આસામના પાટનગર ગુવાહાટી અને ડિબ્રુગઢમાં લાગુ કરવામાં આવેલી સંચારબંધીમાં આજે વધુ રાહત આપવામાં આવી હતી પરંતુ સ્કુલ અને કોલેજો બંધ સ્થિતિમાં છે. નાગરિક સુધારા બિલને લઈને હિંસક પ્રદર્શન જારી છે. આસામમાં ૧૬મી ડિસેમ્બર સુધી ઈન્ટરનેટ સર્વિસને બંધ કરી દીધી છે. આવતીકાલે સ્થિતિના સંદર્ભમાં કોઈ નવા નિર્ણય લેવામાં આવી શકે છે.

### રવિ સીઝન... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ઓળખાતા શાકભાજીના પાકોનુ વાવેતર પણ ૪૩૦૦ હેક્ટરથી વધુ વિસ્તારમાં થયુ છે. આ જ પ્રમાણે જિલ્લાનો મુખ્ય પાક ગણાતા ઘઉંનુ વાવેતર પણ લગભગ ૨૦ હજાર હેક્ટરમાં સંપન્ન થયુ છે. ચણાના પાકનુ ૪૧૨ હેક્ટરમાં રાઈનું વાવેતર ૫૧૭ હેક્ટરમાં, તમાકુનુ વાવેતર ૨૯૧૦ હેક્ટરમાં, વરિયાળીનુ ૧૧૫૯ હેક્ટરમાં તેમજ ઘાસચારાનુ વાવેતર ૧૪,૫૮૩ હેક્ટરમાં થવા જાય છે. જિલ્લામાં ગાંધીનગર તાલુકામાં ૧૧,૧૧૮ હેક્ટરમાં, દહેગામમાં ૧૬૦૧૧ હેક્ટરમાં, માણસામાં ૧૭,૨૩૫ હેક્ટરમાં અને કલોલમાં ૭૨૦૧ હેક્ટરમાં વાવેતર સંપન્ન થયુ છે. આમ સૌથી વધુ વાવેતર માણસામાં તથા સૌથી ઓછુ વાવેતર કલોલ તાલુકામાં થયુ છે. જો કે જે રીતે ઠંડીનો માહોલ જામી રહ્યો છે તે જોતાં આગામી દિવસોમાં વાવેતર વધશે અને જિલ્લામાં રવિ સીઝનના વાવેતરનો એક નવો વિક્રમ થશે.

### વાઈડનીંગ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ધરવા માટે તંત્રએ વિભાગને દરખાસ્ત કરી હતી. જો કે આ દરખાસ્ત સંદર્ભે હજુ સુધી કોઈ નિર્ણય લેવાયો નથી પરંતુ આ માર્ગને અનુલક્ષી આશ્રમ ચોકડી થી મહુડી સુધીના બાકી રહેતા પાછળના ભાગને વાઈડનીંગ કરવાની યોજના મંજુર કરવામાં આવી છે. આ કામગીરી અન્વયે આ માર્ગને ૭.૫૦ મીટરમાંથી ૮.૫૦ મીટર પહોળો કરવામાં આવશે. જયારે આ કામગીરી પાછળ અંદાજિત રૂ ૯.૫૦ કરોડનો ખર્ચ કરાશે. આ રૂટના માર્ગને અનુલક્ષી પાછળના ભાગને વાઈડનીંગ કરવા મંજુરી આપવામાં આવી છે. પરંતુ આ માર્ગનુ રીસરફેસીંગ પણ જરૂરી હોવાની માંગ લાંબા સમયથી ઉઠવા પામી છે. જેને અનુલક્ષી તંત્ર દ્વારા વિભાગને દરખાસ્ત કરવામાં આવી છે. પરંતુ હજુ સુધી આ દરખાસ્તને મંજુરી આપવામાં આવી નથી.

### બસ સ્ટેન્ડ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

છે. જેના આધારે બસની વાટ જોતા મુસાફરોને યોગ્ય માહીતી પણ મળી શકે છે. નગરમાં નવા બસ સ્ટેન્ડ બનાવાની આ યોજના અન્વયે મુસાફરો તેમજ રોજબરોજના અપડાઉન કર્તાઓને વરસાદી દિવસોમાં પણ બેસવા માટે યોગ્ય વ્યવસ્થા મળી રહે કોઈપણ પ્રકારની હાલાકી ન વેઠવી પડે તે મુજબની પેટર્ન પર આ બસ સ્ટોપ બનાવાશે. શહેરના વિવિધ માર્ગો પર નવા પીક અપ સ્ટેન્ડ બનાવાશે. આ પીક અપ સ્ટેન્ડમાં બસનો સમય જાણી શકાય તે માટે એલ ઈ ડી સ્ક્રીન પણ મુકાશે દાયકાઓ જુના પીક અપ સ્ટેન્ડના બદલે હવે સ્માર્ટ બસ સ્ટોપ જોવા મળશે. મેયરની ગ્રાન્ટમાંથી આ કામગીરી હાથ ધરાશે.

### ચિત્ર પ્રદર્શન... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આપતા ડો રવિદર્શને જણાવ્યુ હતુ કે આ ચિત્રોને કેન્વાસ પર કંડારવામાં આવ્યા છે. પાંચ વર્ષથી રાજા રવિ વર્માના ચિત્રોથી પ્રેરાઈને તેમની શૈલીમાં ચિત્રો બનાવાનુ શરૂ કર્યુ હતુ આજ સુધી ૨૫ ચિત્રો તૈયાર કર્યા છે. જયારે એક ચિત્રમાં પાંચ લેયર કરીને તૈયાર કરવામા આવે છે. રાજા રવિ વર્માએ રામાયણના જે પાત્રોને ચિત્રોમાં દર્શાવ્યા નથી તે પાત્રોને તેમણે બહાર લાવવાનો પ્રયાસ કર્યો છે. જેમાં ઉર્મિલા, શુભદ્રા, મણીદ્વિપા, મીરા, સ્ત્રીહઠ, રામવનવાસ, મંદોદ્રીને દર્શાવ્યા છે. આ ૨૫ ચિત્રો પૈકી મોટુ ચિત્ર મણીદ્વિપાનુ છે. મણીદ્વિપ શક્તિ ઉપાસનાનો એક મહત્વનો ગ્રંથ છે.

### કાયદો અને કાનૂન ● ચોથા પાનાનું ચાલુ

પ્રક્રિયા ઉપરથી વિશ્વાસ ઉઠી જાય અને કેટલીક વાર નિર્દોષ વ્યક્તિઓનો ભોગ બને છે જે માનવ અધિકારના હનન સમાન કૃત્ય ભારતમાં ગણવામાં આવ્યું છે. જઘન્ય ગુન્હાના આરોપીઓ સામે સમાજમાં ભોગ બનનારના પરિવારમાં આક્રોશ કે રોષ હોય તે સ્વાભાવિક છે પરંતુ ન્યાઈક પ્રક્રિયા અનુસર્યા સીવાય આવા અપરાધીને ત્વરીત મોતની સજા આપવી એ ભારતીય સંસ્કૃતિ, પરંમપરા અને ધર્મ તથા બંધારણ તેમજ ન્યાઈક પ્રક્રિયા માન્ય નથી, કબુલ નથી. ભૂતકાળમાં આવા એન્કાઉન્ટરના નામે નિર્દોષ અપરાધીના કસ્ટોડીયન ડેથ તથા રોડ ઉપર ગોળી મારી હત્યા કરવાના બનાવો બનેલા જે ફરજી એન્કાઉન્ટર તરીકે પોલીસ તંત્ર માટે કલંક સમાન છે.

### અતિતની આજ ● ચોથા પાનાનું ચાલુ

અનિવાર્ય બની જાય છે: ભાગલાનો સ્વીકાર નાછૂટકે કર્યાની કબૂલાત સરદાર પટેલે બંધારણસભાની ચર્ચામાં આપતાં કેટલાંક રહસ્યો પરથી પડદો ઊંચક્યો હતો. કોંગ્રેસે ક્યારેય દ્વિ-રાષ્ટ્રના સિદ્ધાંતને કબૂલ રાખ્યો નહોતો. વળી, ગાંધીજી અને પંડિત નેહરુ જ નહીં, સરદાર પટેલ અને ડૉ.બાબાસાહેબ આંબેડકર પણ હિંદુ રાષ્ટ્રના વિચારના કટ્ટર વિરોધી હતા. આનાથી ઉલટું, ભારતને હિંદુ રાષ્ટ્ર જાહેર કરવા અને મુસ્લિમોને દુય્યમ દરજ્જાના નાગરિક લેખાવવા ઉત્સુક હિંદુ મહાસભા તો મુસ્લિમ લીગની જેમ જ અંગ્રેજ શાસકો સાથે મેળાપીપણું ધરાવતી હતી. કોમ્યૂનિસ્ટો પણ. ૧૯૪૨ની ''હિંદ છોડો'' ચળવળના મુદ્દે ગાંધીજી, કસ્તુરબા, નેહરુ, ઈન્દિરા, સરદાર, મણિબહેન, મૌલાના આઝાદ સહિતની સઘળી કોંગ્રેસ જેલવાસ ભોગવી રહી હતી ત્યારે સાવરકરની સંમતિથી હિંદુ મહાસભાના કાર્યાધ્યક્ષ ડૉ.શ્યામાપ્રસાદ મુકરજી બંગાળના પ્રીમિયર ફઝલુલ હકની સરકારમાં નાણા મંત્રી હતા! એટલું જ નહીં, સિંધ અને વાયવ્ય પ્રાંતમાં પણ મુસ્લિમ લીગ સાથે મળીને હિંદુ મહાસભા રાજ કરતી હતી. માર્ચ ૧૯૪૩માં સિંધની પ્રાંતિક ધારાસભામાં જી.એમ.સૈયદે (જિએ સિંધવાળા) મૂકેલા પાકિસ્તાનના ઠરાવને મંજૂરી અપાઈ ત્યારે પણ ત્યાં મુસ્લિમ લીગ અને હિંદુ મહાસભાની સરકાર હતી. હિંદુ મહાસભાવાળા ત્રણ મંત્રીઓએ એના વિરોધમાં મતદાન કર્યું પણ સરકારમાંથી રાજીનામાં આપ્યાં નહોતાં! ડૉ.મુકરજીએ હિંદુ મહાસભામાંથી રાજીનામું આપીને ઓગસ્ટ ૧૯૪૭માં નેહરુ સરકારમાં જોડાયા હતા. ડૉ.મુકરજીએ પત્રકાર પરિષદ ભરીને હિંદુ રાષ્ટ્રના વિચારનો વિરોધ કર્યાનું ભાજપના સંઘનિષ્ઠ નેતા અને અત્યારે રાજ્યપાલ એવા તથાગત રાયે શ્યામાબાબુની જીવનકથામાં નોંધ્યું છે. એપ્રિલ ૧૯૫૦માં કેન્દ્ર સરકારમાંથી છૂટા થયા પછી તેમણે ભાજપના પૂર્વ અવતાર જનસંઘની ૧૯૫૧માં સ્થાપના કરી હતી.

બે કરોડ બાંગલાદેશી ઘૂસણખોરો

ઈશાન ભારતનાં રાજ્યોમાં બંગાળી ઘૂસણખોરો સામેના વિરોધમાં પાછું હિંદુ-મુસ્લિમ ભેદનું પરિબળ ભળે ત્યારે જે અજંપો સર્જાય. એના પ્રતાપે તો જાપાનના વડાપ્રધાન ઓબે તેમ જ બાંગલાદેશના બે મંત્રીઓ ભારતની મુલાકાત રદ કરીને વિરોધ દર્શાવે છે. સત્તાધીશો વિરોધ આંદોલન પાછળ કોંગ્રેસના અપપ્રચારને દોષ આપે છે. હકીકતમાં આવાં દોષારોપણ કે ઉત્તેજના ફેલાવવાને બદલે શાસકે પોતાની જવાબદારી નિભાવીને સ્થિતિ પર કાબૂ મેળવવાનો હોય છે. કરફ્યૂ લાદીને કે ઈન્ટરનેટ સેવાઓ બંધ કરવાથી વિરોધ શમી ગયાનું માનવું વધુ પડતું છે. વાસ્તવમાં ભારતીય લોકશાહીમાં સંવાદનું મહાત્મ્ય ઘટતું ચાલ્યું હોવાથી સમસ્યાઓ વકરી રહી છે. આસામમાં પ્રત્યેક વિધાનસભા બેઠકમાં ૩૦ ટકા કે તેથી વધુ મુસ્લિમો હોવાની વાત ભલે વર્તમાન સત્તાધીશોને પ્રતિકૂળ અને કોંગ્રેસને અનુકૂળ લાગતી હોય, ૧૯૮૫ના આસામ કરારની કટઓફ તારીખ મુજબ ૨૫ માર્ચ ૧૯૭૧ પછી ભારતમાં ગેરકાયદે ઘૂસી આવેલાં વિદેશીઓને શોધીને પાછાં કાઢવાની જવાબદારી સત્તાધીશોની છે. કોંગ્રેસ હોય કે ભાજપ, હિંદુ હોય કે મુસ્લિમ; ઘૂસણખોરો પાછા જવા જ જોઈએ; એ ભૂમિકા લે તો સમસ્યાનો ઉકેલ આવે. અન્યથા સમસ્યા તો વકરવાની જ. ભાજપની મિત્ર આસામ ગણ પરિષદ (એજીપી)ની ઉપાધ્યક્ષ અલકા દેસાઈ-સરમાનું કહેવું હતું કે ઘૂસણખોરોને ધાર્મિક દ્રષ્ટિએ રાખવા કે કાઢવાને બદલે બધાજ ઘૂસણખોરોને પાછા તગેડવા જોઈએ. ભાજપ બાંગલાદેશી હિંદુઓને ઘૂસણખોર નહીં,પણ શરણાર્થી ગણાવીને નાગરિકતા આપવાનું એલાન કરે છે. હકીકતમાં સમસ્યા ઈશાન ભારતનાં રાજ્યો પૂરતી સીમિત નથી. દેશભરમાં બે કરોડ જેટલા બાંગલાદેશી ઘૂસણખોરો ગેરકાયદે વસતા હોવાનું વર્તમાન ભારત સરકારના મંત્રીએ જ સત્તાવાર રીતે સંસદમાં મૂકાયેલા આંકડા સ્પષ્ટ કર્યું છે. હવે આમાંના હિંદુઓને નાગરિકતા આપવામાં તો મુસ્લિમો સાથે અન્યાય થયાની લાગણી સર્જાશે અને માનવાધિકારના મુદ્દે પણ ઉહાપોહ મચશે. સામે પક્ષે, બાંગલાદેશ તો ૧૯૭૧ પછી કોઈ બાંગલાદેશી નાગરિક ભારતમાં ઘૂસણખોર તરીકે આવીને ગેરકાયદે વસવાટ કરતો હોવાનું સ્વીકારવા તૈયાર નથી.આવા સંજોગોમાં કોકડું વર્ષો સુધી ગૂંચવાયેલું જ રહેવાનું. ક્યારેક બે જર્મની એક થયાની વાતને લઈને પાકિસ્તાન, બાંગલાદેશ અને ભારતનું અખંડ ભારત બનવાનું સ્વપ્ર જોનારાઓ હવે એ વિચારને તિલાંજલિ આપી ચૂક્યા હોય એવું લાગે છે. નાગરિકતા સુધારા કાયદાને બંધારણીય ગણવામાં આવે તો પણ એના થકી જે શરણાર્થીઓને ભારતની નાગરિકતા મળશે એ કરતાં અનેકગણા બાંગલાદેશી ઘૂસણખોરોનું શું થશે, એ મામલો મહત્વનો છે. રાજકારણીઓના રાજકીય દાવપેચમાં ભારતના મૂળભૂત પ્રશ્નો અટવાયા જ કરે એ ચિંતાનો વિષય ખરો.

- haridesai@gmail.com